જન્મદિને વધામણી

નરેશકુમાર ચંદુલાલ વાળંદ

પ્રકાશ કે વાઘેલા
મો. ૯૪૨૮૫ ૦૩૦૯૭

કોમલ કે ભટ્ટ
મો. ૮૪૯૦૯ ૦૧૭૮૨

યોગિનીબેન કે ત્રિવેદી
મો. ૯૯૦૪૦ ૩૬૨૦૨

કોકિલાબેન દિનેશચંદ્ર શાહ
સભ્ય, સિનિયર સિટિઝન
અને ગોપી મંડળ, સે. ૭
મો. ૯૪૦૮૭ ૮૩૪૯૭

શ્રેષ્ઠ ગુજરાતી વાર્તાઓ હવે ટીવી સિરિયલ સ્વરૂપે

ગાંધીનગર, તા. ૨૮

દૂરદર્શન દ્વારા પુનઃ એકવાર 'કથાસરિતા' કે 'એક કહાની' પ્રકારની શ્રેણીઓ નિહાળવાનો અવસર દર્શકોને પૂરો પાડવામાં આવ્યો છે.

પોતાની સેલ્ફ ફાયનાન્સ કમિશનિંગ યોજના હેઠળ નિવડેલા નિર્માતાઓના શ્રેણીના કાર્યક્રમ હેઠળ જાણીતા લેખકોની કૃતિઓ પર આધારિત શ્રેણીઓ તૈયાર કરવામાં આવી છે. આ પ્રકારની ૨૧ શ્રેણી ૨૮ નવેમ્બરથી ડીડી ગિરનાર પર પ્રસારિત થશે.

ગાંધીનગર સમાચારના વાચકોને યાદ હશે કે બેદિવસ અગાઉ આ જ પાના ઉપર પોતાની કૉલમ 'કેમ્પસ'માં ધ્વનિલ પારેખ દ્વારા આ વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. 'સરકી જાયે પલ' શીર્ષક સાથે શરૂ થનારી આ શ્રેણીમાં ઉમાશંકર જોશી, ધૂમકેતુ, હરિશ નાગ્રેચા, રા. વિ. પાઠક, વર્ષા અડાલજા, મધુ રાય અને ચંદ્રકાન્ત બક્ષી જેવા જાણીતા સર્જકોની કથાનું રૂપાંતરણ કરવામાં આવ્યું છે.

'આપણી વચ્ચે દરિયા' સ્ત્રીની સંવેદના અને સઘર્ષની વાત લઈને આવતી શ્રેણી ચંદુલાલ સેલારકાની નવલકથા પર આધારિત છે. જેમાં મેહુલ બૂચ અને માનસી પટેલ જેવા કલાકારો છે. એવી જ રીતે એક પિતાના અધૂરા સપના, સંસ્કાર અને આદર્શને પૂર્ણ કરવા મથતી પુત્રી આરાધ્યાની વાત 'આરાધ્યા પપ્પાનું સપનુ'માં વણી લેવામાં આવી છે. આ શ્રેણીમાં રીટા ભાદુરી જેવા ખ્યાતનામ કલાકારો ફરી ગુજરાતી શ્રેણીમાં જોવા મળશે. એ જ પ્રમાણે સ્ત્રીઓની લાગણી, સંઘર્ષ, જીવનના વળાંકો તેમજ ઉતાર-ચડાવની કથા એટલે 'જમના નારીની સંપૂર્ણ યાત્રા'.

આમ આ શ્રેણીઓમાં દૂરદર્શનની પરંપરાથી અલગ નવા અને સાંપ્રત વિષયો વણી લેવામાં આવ્યા છે. જેમાં રીટા ભાદુરી, સુજાતા મહેતા, સમીર ખખ્ખર જેવા નિવડેલા કલાકારો ફરી એક વખત જોવા મળશે. આ શ્રેણી સાંજે ૭-૩૦ વાગ્યે જોઈ શકાશે.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા વિસ્તારમાં સેવાકાર્ય

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકાના સુનોક ગામમાં ૮૦ જેટલાં વૃધ્ધ, નિરાધાર બહેનોને ૩ કિગ્રા ચોખા તથા બિસ્કીટ અને ખારીનું ૭૫ જેટલાં લાભાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે કુલ ૧૫ ગામોનાં લાભાર્થીઓ દર દોઢ માસે અહીં ઉપસ્થિત થાય છે અને સેવાકાર્ય પ્રાપ્ત કરે છે. આ સઘળાં લાભાર્થીઓને મીઠાઈ તથા ચવાણા, ચેવડાનો નાસ્તો કરાવવામાં આવ્યો હતો અને સૌએ સાથે મળીને ભજનો પણ ગાયાં હતાં. એ પછી બે આંગણવાડીનાં બાળકોને નવાં કપડાં તથા નાસ્તો કરાવવામાં આવ્યો હતો. દેવેન્દ્રભઆઈ, ઊર્મિલાબેન, અક્ષયભાઈ, દિનેશભાઈ તથા મિલિન્દભાઈ ગુપ્ત આ સેવાકાર્યમાં જોડાયાં હતાં.

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧
પ્રેમ રતન ધન પાયો
૧૨.૩૦, ૩.૩૦,
૬.૩૦, ૧૦.૧૫

સ્ક્રીન-૨
છેલ્લો દિવસ
૧.૦૦, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૦૦

સ્ક્રીન-૩
સ્પેક્ટર (અંગ્રેજી)
૪.૪૫
ધ હંગર ગેમ્સ
૨.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૪
છેલ્લો દિવસ
સવારે ૧૦.૦૦
પ્રેમ રતન ધન પાયો
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

સ્ક્રીન-૫
તમાશા
૧૦.૦૦, ૬.૩૦

કવિ રમેશ પારેખને જન્મદિન નિમિત્તે 'સાત રંગના સરનામે' કાર્યક્રમ યોજાયો

અમદાવાદ, તા. ૨૮

કવિ રમેશ પારેખના ૭૬મા જન્મદિને સાહિત્ય પરિષદ ખાતે ઓમ કોમ્યુનિકેશન દ્વારા 'સાત રંગના સરનામે' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિસર્ગ આહિરે રમેશ પારેખની વાર્તાઓ વિશે, સતીષ વ્યાસે નાટ્યકલા વિશે અને નિતીન વડગામાએ તેમના કાન્સ સર્જન વિશે વાત કરી હતી.

રમેશ પારેખનાં કલ્પનો અને સાક્ષીભાવથી ભરપૂર વાર્તાઓ વિશે વાત કરતાં નિસર્ગ આહિરે જણાવ્યું હતું કે, '૧૯૮૩માં તેમણે એક જ વાર્તા સંગ્રહ લખ્યો. આ પ્રયોગશીલ વાર્તાઓ કવિતા જેટલી જ વિચક્ષણ છે.' જ્યારે તેમના નાટકો 'સગપણ એક ઉખાણું' અને 'સૂરજને પડછાયો હોય'વિશે વાત કરતાં સતીષ વ્યાસે કહ્યું કે, 'રમેશ પારેખ પોતાની રમત પોતાના મેદાનમાં લઈ આવે એવા સર્જક અને વાત નાની હોય તો પણ એને ઠાઠ અને રંગીનીઓથી ફુલાવે છે એવી

ધોમધોમ સર્જકતાના તેઓ સર્જક છે.' રમેશ પારેખની કાવ્યકલા વિશે વાત કરતાં નિતીન વડગામાએ જણાવ્યું કે, 'રમેશ એ તો કલરવનું રેબઝેબ પુમડું. કવિ પોતાનો પરિચય આપે તો, એમ થોડો કહે કે, મારું નામ રમેશ મોહનલાલ પારેખ. તેમને કોઈ સરનામું પૂછે તો પણ એ એવો જવાબ આપે કે, 'ચિંધ આખુ વિશ્વ તું એને રમેશ, જેને સરનામું રપાનું જોઈએ'. પોતાના પરિચયમાં પણ સર્જનનું અંશતત્વ દેખાય. રમેશ પારેખ એવા કવિ છે, જેમને ભાવકો અને અભ્યાસીઓએ આદરપૂર્વક સ્વીકાર્યા છે. બધા કવિઓના નસીબમાં આ નથી હોતું.' આ કાર્યક્રમની આભારવિધિ મનીષ પાઠક 'શ્વેત' દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં રમેશ પારેખની કવિતાના ચાહકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ઉચ્ચ શિક્ષણ પૉલિસી માટેની જીટીયુની કૉન્ફરન્સ યોજાયા પહેલાં જ વિવાદમાં

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી (જીટીયુ) દ્વારા આગામી તારીખ પાંચમી ડિસેમ્બરે નેશનલ એજ્યુકેશન પોલિસી અંગે નેશનલ સમીટ બોલાવવાની જાહેરાત કરાઈ છે. બીજી બાજુ ગુજરાત સરકાર દ્વારા છેલ્લા એક મહિનામાં જુદી જુદી યુનિવર્સિટીઓ અને એજ્યુકેશન સંસ્થાઓમાં નવી એજ્યુકેશન પોલિસી માટે બેઠકો બોલાવીને તેમાં કરાયેલી રજૂઆતો અને ભલામણોના આધારે એક ડ્રાફ્ટ તૈયાર કરી દેવામાં આવ્યો છે. આ ડ્રાફ્ટ નવેમ્બરના અંત સુધીમાં કેન્દ્ર સરકારને સુપરત કરી દેવાનું નક્કી કરાયું છે. સરકાર દ્વારા ડ્રાફ્ટ તૈયાર થયા બાદ જીટીયુ દ્વારા બોલાવવામાં આવેલી નેશનલ એજ્યુકેશન સમીટને લઈને અનેક પ્રશ્નો ઊભા થયા છે. આગામી દિવસોમાં આ મુદ્દે વિવાદ ઊભો થાય તેવી સ્થિતિ સર્જાઈ છે.

નિષ્ણાતોના મતે જીટીયુની આ કૉન્ફરન્સ આવકાર્ય છે પરંતુ તે એવા સમયે થઈ રહી છે કે જ્યારે ગુજરાત સરકાર દ્વારા નવી પોલિસી માટે ભલામણો અને સૂચનોની ફાઇલ તૈયાર કરી દેવામાં આવી છે. જીટીયુની આ જાહેરાતના કારણે સમગ્ર હાયર એજ્યુકેશન ક્ષેત્રમાં ભારે આશ્ચર્ય સર્જાયું છે. કારણ કે માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા કેસીજીમાં આ પ્રકારની નવી એજ્યુકેશન પોલિસી માટે કોન્ફરન્સ કરવામાં આવી હતી અને રાજ્યની તમામ યુનિવર્સિટીઝના કુલપતિઓની પણ એક કોન્ફરન્સ ગુજરાત યુનિવર્સિટી ખાતે યોજવામાં આવી હતી. આ ઉપરાંત રાજ્યમાં જુદી જુદી યુનિવર્સિટીઝ અને શિક્ષણ સંસ્થાઓમાં આ પ્રકારની કોન્ફરન્સ યોજીને તમામ શિક્ષણવિદો, કુલપતિઓ, પ્રિન્સિપાલ, પ્રોફેસર સહિતના તમામ લાગતાં-વળગતાંઓના અભિપ્રાય, ભલામણો અને સૂચનો મેળવવામાં આવ્યા હતા. આ માટેની બેઠકો પૈકી એકમાં પણ ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટીના કુલપતિએ હાજરી આપી નથી. હવે રાજ્ય સરકાર દ્વારા જુદી જુદી યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા નવી એજ્યુકેશન પોલિસી માટે થયેલી કવાયતના આધારે એક ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો છે. નવેમ્બરના અંત સુધીમાં આ ડ્રાફ્ટ કેન્દ્ર સરકારને સુપરત કરવાનો છે.

આ માટેની તમામ કામગીરી પણ પુરી કરી દેવામાં આવી છે, ત્યારે જીટીયુ દ્વારા આ જ બાબતે કૉન્ફરન્સ યોજવામાં આવી છે.

ફાઈનલ આન્સર કીની ભૂલો પરિણામોને અસર નહીં કરે

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલી સાયન્સ પ્રથમ અને ત્રીજા સેમેસ્ટરની ફાઈનલ આન્સર કીમાં ભૂલો હોવા અંગે વિદ્યાર્થીઓ-વાલીઓએ બોર્ડ સમક્ષ રજૂઆત કરી હતી. જેના પગલે બોર્ડ દ્વારા ચકાસણી કરીને ભૂલો સુધારવાનો નિર્ણય લેવાયો છે.

આન્સર કી તૈયાર કરતી વખતે ટાઈપ મિસ્ટેકના લીધે જવાબ બદલાઈ ગયા હોવાનું જણાતાં તેવા જવાબો બદલી તેના આધારે પરિણામ તૈયાર કરાશે. સાયન્સના પ્રથમ અને ત્રીજા સેમેસ્ટરની પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયા બાદ તેની પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરવામાં આવી હતી અને પ્રોવિઝનલ આન્સર કીમાં ભૂલો હોય તો તેની પુરાવા સાથે રજૂઆત કરવા બોર્ડ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

પ્રોવિઝનલ આન્સર કીની ભૂલો અંગેની રજૂઆતો બાદ બોર્ડ દ્વારા ફાઈનલ આન્સર કી તૈયાર કરવામાં આવી હતી. જોકે ફાઈનલ આન્સર કીમાં પણ ભૂલો રહી હોવાના મુદ્દે બોર્ડ સમક્ષ વાલીઓ અને વિદ્યાર્થીઓએ રજૂઆતો કરી હતી. દરમિયાન બોર્ડને ફાઈનલ આન્સર કીમાં ભૂલો હોવાની રજૂઆત મળ્યા બાદ ચકાસણી કરતાં અમુક રજૂઆતો સાચી હોવાનું જણાઈ આવ્યું હતું. જેથી આ સ્થિતિમાં વિદ્યાર્થીઓને નુકસાન ન જાય તે માટે બોર્ડ દ્વારા ખરેખર જ્યાં ભૂલો છે તે સુધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

'તમાશા' માટે તેડું : જોવા અને જીવવા જેવી ફિલ્મ...!

સાંભળો... સાંભળો... સાંભળો... મહેરબાન... કદરદાન સાંભળો... રણબીર કપૂર અને દિપીકા પદૂકોણની ફિલ્મ 'તમાશા' આવી છે... સંવેદનશીલ દિગ્દર્શક ઈમ્તિયાઝ અલીની ફિલ્મ 'તમાશા' આવી છે... મન અને હૃદયને સ્પર્શી જાય એવી તો ઘણી ફિલ્મ જોઈ... આત્માને સ્પર્શી જાય એવી ફિલ્મ આવી છે... સાંભળો... સાંભળો... સાંભળો... 'તમાશા' શરૂ થાય છે...

ભારતનો એક યુવાન અને ભારતની જ એક યુવતી ફ્રાન્સના કૉર્સિકા નામના રમણિય સ્થળે આકસ્મિક મળે છે. પહેલી મુલાકાત અને પરિચય પછી વાર્તાઓનો રસિયો યુવાન રણબીર કપૂર દિપીકાને કહે છે કે, 'બીજી બધી વાર્તાઓ જેવી જ આપણી વાર્તા ન હોવી જોઈએ... આપણે મળીએ... હળીએ પણ કૉર્સિકા પુરતા જ. કૉર્સિકાથી ભારત ગયા પછી તું કોણ ને હું કોણ! આપણે ક્યારેય નહીં મળવાનું.' દિપીકા સંમત થાય છે. ડૉન અને મોના ડાર્લીંગ તરીકે બંને જલસા કરે છે, મટરગશ્તી કરે છે... પોતપોતાનો ભૂતકાળ ઓઢીને જીવતી વ્યક્તિઓ ક્યારેય એકાકાર ન થઈ શકે. અહીં તો રણબીર-દિપીકાની પૂર્વશરત જ એ હતી કે અસલિયતમાં પોતે કોણ છે? શું છે? ક્યાંથી આવ્યા છે? એના ઉલ્લેખ સુધ્ધાંની આવશ્યકતા નથી. શરીરની વાસ્તવિકતાને, વ્યક્તિત્વની ઓળખને કોરાણે મુકીને અહીં તો ઊંડાણથી મળવાની અને ભળવાની વાત હતી. મન, હૃદય અને આત્માની અભિવ્યક્તિ અને અનુભૂતિની જ વાત હતી. આમ બન્ને સાવ અજાણી વ્યક્તિઓ એક, એકરૂપ અને એકાકાર થઈ જાય છે અને એકાએક કૉર્સિકાથી પાછા ભારત આવી જાય છે...

દિપીકા કોલકત્તા જાય છે અને રણબીર કોણ જાણે ક્યાં...? એક મેકને પછી ક્યારેય નહીં મળવાનું વચન આપ્યા પછી મનમાં અને હૃદયમાં એકબીજા માટેનો તલસાટ કેવો હોય એ તો આવો કૉલ જેમણે-જેમણે આપ્યો હોય અને જેમને-જેમને મળ્યો હોય એ જ જાણે!

કૉર્સિકા કાળને ચાર-સાડા ચાર વર્ષ વિતી ગયા... આ તરફ દિપીકાના દિલમાં કૉર્સિકા અને ડૉન વિસરાવાને બદલે વિસ્તરતા જાય છે... વિકસતા ગયા છે દિપીકાના દિલમાં 'ડૉન'ની છબી એવી ને એવી અખંડ છે. બલ્કે 'જબ ભી ખયાલોં મેં તુ આયે, મેરે બદન સે ખુશ્બુ આયે...' ફિલ્મ 'ઘર'ના ખૂબ જ સુંદર ગીતની આ પંક્તિની માફક રણબીરના વિચાર અને કલ્પના માત્રથી દિપીકા રોમાંચ અને સુખમય આનંદની અનુભૂતિ કરે છે.. કૉર્સિકામાં રણબીર પાસેની એક બૂકના પાના પર દિલ્હીની લાયબ્રેરીનો સિક્કો જોઈ ગયેલી દિપીકા માત્ર એ લાયબ્રેરીના સિક્કાનું તરણું લઈને રણબીર કદાચ ફરીથી મળી જાય એવી અદમ્ય ઈચ્છાએ દિલ્હી આવે છે. દિલ્હીમાં એ લાયબ્રેરીમાં નિયમીત આવે છે, એટલા માટે કે આ લાયબ્રેરી સાથે રણબીર જોડાયેલો છે, કદાચ... ક્યારેક... ક્યાંક રણબીર ફરી મળી જાય...!!! હૃદયને સ્પર્શી ગયેલું, હૃદયમાં 'ઘર' કરી ગયેલું કોઈ વ્યક્તિત્વ પોતાના અસ્તિત્વ સાથે એટલું તો ઓતપ્રોત હોય કે, પોતાના શરીરમાં-એક ખોળીયામાં બે વ્યક્તિઓ શ્વાસ લઈ રહ્યા હોય એવી અનુભૂતિ હોય..! દિપીકા પદૂકોણમાં આમ રણબીર પણ શ્વાસ લે છે...

અચાનક એક દિવસ આ લાયબ્રેરીમાં જ દિપીકા પદૂકોણને રણબીરનો અવાજ સંભળાય છે... રણબીર દેખાય છે... રણબીર મળે છે... પણ આ શું ??? આ એ રણબીર નથી !!! જે રણબીર કૉર્સિકામાં હતો... જે રણબીર કૉર્સિકા પછી પણ દિપીકાના સમગ્ર અસ્તિત્વ સાથે જોડાયેલો હતો એ આ રણબીર નથી !!! આ રણબીર 'ડૉન' નથી... આ તો ટાઈ પહેરેલો પોપટ છે !!! એલાર્મબધ્ધ ઉઠતો-જીવતો ટેલિકોમ કંપનીનો મેનેજમેન્ટ એક્સપર્ટ એન્જિનીયર છે. મશીનની માફક સદાય એકધારો જીવતો ધાર વિનાનો-આધાર વિનાનો એકઝીક્યુટીવ છે...! દિપીકાને આઘાત લાગે છે... અહીં એક સંવાદ છે, દિપીકા કહે છે, 'હું ચાર-સાડા ચાર વર્ષોથી તને ખોટો શોધતી રહી... તું તો મારી પાસે જ હતો, મારામાં જ હતો... જેને હું શોધતી રહી એ આ રણબીર નથી.'

અહીં રણબીર કપૂરનો ફ્લેશ બૅક... રણબીર ખરેખર શું છે? ટાઈ પહેરેલો એલાર્મબધ્ધ પોપટ કે કૉર્સિકાવાળો ડૉન...? મનફાવે એમ જીવતો બેફિકરો યુવાન કે મનમારીને લાખ્ખો-કરોડો યુવાનોની જેમ ઘરેડમાં જીવતો વેદીયો વેદ..? દિપીકાનો આઘાત રણબીરને ઢંઢોળે છે... દિપીકાની ઈચ્છા-દિપીકાની ચાહના-દિપીકાનો પ્રેમ રણબીરને હચમચાવી



રિયલ વ્યુ
હિરેન ભટ્ટ

નાખે છે... પછી શું થાય છે...??? હવે સાંભળો... સાંભળો... સાંભળો... નહીં 'તમાશા' જુઓ... જુઓ... જુઓ...!!!

વાર્તા ઘણી કહી દીધી. આપની પાસેથી વાર્તા સંભળાવવાનો એક પણ રૂપિયો લીધા વિના વાર્તા ઘણી કહી દીધી...

'તમાશા' એટલે આપણી ભવાઈ જેવો મહારાષ્ટ્રનો લોકનાટ્ય પ્રકાર છે. માણસ ભિતરથી કંઈક હોય છે, ભિરૂતાથી કંઈક અલગ વર્તે છે. માણસ અંદર છે તે બહાર નથી. આ અર્થમાં માણસ હંમેશા-સતત મહોરું પહેરીને ફરે છે, સતત અભિનય જ કરતો હોય છે. પોતે જે નથી, તે અભિવ્યક્ત થાય છે. સમાજના શિષ્ટાચાર અને જીવનની જરૂરિયાતે માણસને મશીન બનાવી દીધો છે. મહાન નાટ્યકાર શેક્સપિયરનું વાક્ય- 'આખું જગત એક મંચ છે, અને આપણે સહુ આ મંચ પર અભિનય જ કરી રહ્યા છીએ...' આ વાક્ય 'તમાશા'નું હાર્દ છે. મિરઝા ગાલીબનો એક શેર છે- 'હોતા હૈ શબ-ઓ-રોઝ તમાશા મેરે આગે.' આ પંક્તિમાં પણ 'તમાશા'નો અણસાર છે. યુવાન દિગ્દર્શક ઈમ્તિયાઝ અલીએ આ અત્યંત સંવેદનશીલ અને સાયકોલૉજિકલ વિષયને ખૂબજ નિપૂણતા અને નાજુકાઈપૂર્વક ફિલ્મ સ્વરૂપે રજૂ કર્યો છે. રામાયણ, લૈલા-મજનુ, હિર-રાંઝા, રોમિયો-જૂલિયેટ, હેલન ઑફ ટ્રોય જેવી તમામ વિખ્યાત વાર્તાઓ લગભગ એક જેવી જ અને એક સરખી જ છે, તો એક વ્યક્તિની વાત વિશેષ અને અલગ કેવી રીતે હોઈ શકે-કેવી હોવી જોઈએ એ મુદ્દાને ઈમ્તિયાઝ અલીએ ખૂબજ અસરકારક રીતે મુક્યો છે.

બિહારના એક નાના શહેરમાં આજે પણ ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા પિતા મન્સુર અલીના દીકરા ઈમ્તિયાઝ અલીએ 'સોચા ન થા' (અભય દેઓલ-આયેશા ટાકીયા) ફિલ્મથી વર્ષ ૨૦૦૫માં ફિલ્મ દિગ્દર્શનની શરૂઆત કરી હતી. ૨૦૦૭માં 'જબ વી મેટ', ૨૦૦૯માં 'લવ આજ કલ', ૨૦૧૧માં 'રૉક સ્ટાર' અને છેલ્લે 'હાઈ-વે'એ ઈમ્તિયાઝ અલીને સર્જનાત્મક અને સફળ દિગ્દર્શક તરીકે પ્રસ્થાપિત કરી જ દીધા છે. 'તમાશા'થી ઈમ્તિયાઝ અલી ઑફબીટ અને સંવેદનશીલ દિગ્દર્શકની પંક્તિમાં અંકિત થઈ જશે. ઈમ્તિયાઝ અલીની ફિલ્મ નિર્માણ કંપનીનું નામ 'વિન્ડો સીટ ફિલ્મ્સ' છે. હંમેશા મુક્ત વાતાવરણમાં જીવવું એ એમનો મુદ્રાલેખ છે. 'તમાશા'માં ઈમ્તિયાઝ અલીએ ખરેખર કમાલ કરી છે.

આ ફિલ્મમાં ખરી કમાલ તો રણબીર કપૂરે કરી છે. શ્રેષ્ઠ અભિનેતાની કેટેગરીના વર્ષ ૨૦૧૫ના તમામે તમામ એવોર્ડ્સ રણબીર કપૂર લઈ જાય એવી સંભાવના છે. 'વેદ'ના પાત્રને રણબીર કપૂરે શ્રેષ્ઠતમ રીતે ઉપસાવ્યું છે. અત્યારના યુવાનો માટે રણબીર કપૂર રોલ મોડેલ છે. 'તમાશા'નું રણબીરનું પાત્ર ઘણા યુવાનોને જીવન જીવવાની પ્રેરણા આપશે-રાહ ચિંધશે એની મને સંપૂર્ણ ખાતરી છે. દેવ આનંદને અંજલિ આપતો અભિનય હોય કે, વાર્તાકાર તરીકેની ભૂમિકા કે પછી લકીર કા ફકીરની ભૂમિકા કે પછી ટાઈવાળા પોપટછાપ એકઝીક્યુટીવનો અભિનય... રણબીરના અભિનયના વખાણ કરીએ એટલા ઓછા છે. તો સામે દિપીકા પદૂકોણેએ આ ફિલ્મમાં ચાર ચાંદ લગાડી દાધા છે. દિપીકાનો અભિનય પણ બેનમૂન છે. એક વાતની નોંધ લેવી પડે કે દિપીકા પદૂકોણ રણબીર કપૂર સાથે જેટલી ખિલે અને ખૂલે છે એવી તાઝગીસભર આપણે બીજે ક્યાંય નથી જોઈ. બન્નેની ઑનસ્ક્રીન કેમેસ્ટ્રી ખરેખર અદૂભૂત છે. દિપીકા અને રણબીરે આ ફિલ્મમાં જીવ રેડ્યો છે એમ કહી શકાય. રણબીરના પિતા તરીકે જાવેદ શેખ અને વૃધ્ધ વાર્તાકારની ભૂમિકામાં પિયુષ મિશ્રા કમાલના છે. રણબીરના બોસ તરીકે 'સૌદાગર'ના હિરો વિવેક મુશરનને જોવાની પણ મજા પડી.

હિન્દી ફિલ્મોના જાણીતા શાયર ઈર્શાદ કામીલના અર્થપૂર્ણ ગીતોને એ.આર. રહેમાને સંગીતબધ્ધ કર્યા છે. ગીત અને સંગીત બન્ને અદૂભૂત છે. એમાં પણ 'તુ કોઈ ઔર હૈ...'માં એ.આર.રહેમાને અલ્મા ફેરોવિક અને અર્જુન ચાંડી સાથે ગાયું પણ છે. 'અગર તુમ સાથ હો...' અલકા યાજ્ઞિક અને અરિજિત સિંઘે ગાયેલું આ ગીત હૃદયને સ્પર્શી જાય છે. મોહિત ચૌહાણના અવાજમાં 'મટરગશ્તી...' અને મિકા સિંઘે નક્કશ અઝીઝ સાથે ગાયેલું 'હિર તો બડી સેડ હૈ...' ઑલરેડી સુપરહીટ સાબિત થયા છે.

રવિ વર્મનની સિનેમોટોગ્રાફીએ 'તમાશા'ને વિશેષ પ્રેક્ષણીય બનાવી છે. ફ્રાન્સના કૉર્સિકા અને સિમલાનાં દૃશ્યો એ રવિ વર્મનની ફોટોગ્રાફીની કમાલ છે. આરતી બજાજના નિષ્ણાત એડીટીંગે આ અઘરી ફિલ્મને સમજવી અને માણવી સરળ બનાવી છે.

'તમાશા'માં થોડા એડલ્ટ સંવાદો પર સેન્સર બોર્ડની કાતર ફરી છે. આવા શબ્દોને મ્યુટ કરી દેવાયા છે... તો એમ પણ કહેવાય છે કે હિન્દી ફિલ્મના ઈતિહાસમાં 'રાજા હિન્દુસ્તાની' ફિલ્મનો આમીર-કરિશ્મા કપૂરનો કિસીંગ સીન સૌથી લાંબો હતો, 'તમાશા'માં તેના કરતાં પણ લાંબો 'કિસીંગ સીન રણબીર-દિપીકાનો હતો, પણ જેમ્સ બોન્ડ પર પણ જેણે દયા નથી ખાધી એ સેન્સર બોર્ડ રણબીર-દિપીકાને તો કેમ જવા દે!!!'

ટૂંકમાં, 'તમાશા' એક શ્રેષ્ઠતમ અને અદૂભૂત ફિલ્મ છે. અર્થપૂર્ણ ફિલ્મોના શોખીન પ્રેક્ષકોએ તો આ ફિલ્મ ચૂકવા જેવી નથી જ. આજની નવી જનરેશન માટે પણ આ ફિલ્મ પ્રેરણાદાયી છે. રોજીંદી ઘરેડમાં જીવીને યુવાવસ્થામાંજ ઘરડા થઈ રહેલા સહુ કોઈએ આ ફિલ્મ જોવા જેવી, જીવવા જેવી અને અનુસરવા જેવી છે. હા, 'સ્વાગત નહીં કરોગે હમારા...' એવા ડાયલૉગ્સ પર સિટીઓ મારતા અને શર્ટની પાછળ ચશ્મા લટકાવવાના દૃશ્ય વખતે કિકિયારીઓ કરતા પ્રેક્ષકોને અને માત્ર રણબીર-દિપીકાના લવસીન્સ કે નવી ફેશન્સ જાણવા જતા પ્રેક્ષકોને આ ફિલ્મ 'તમાશા' જ લાગશે... બાકીના પ્રેક્ષકોને આ ફિલ્મ જોયા પછી પોતાનું જીવન 'તમાશા' લાગશે!!!